# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**



**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/ક્વા-03/૨૦૨૦-૨૧/૧૪૬ તા.૨૭.૦૪.૨૦૨૧

૨003ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૮/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી મુંજાભાઈ હાથીયા ગામ – ખાપટ-પોરબંદર

સબડીવીઝન: ઉદ્યોગનગર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: સોમવાર (૧૯.૦૪.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯.૦૪.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,હું પી.જી.વી.સી.એલ. નિયમીત બીલ ભરૂ છું આજ દિવસ સુધી મારે એક બિલ બાકી રાખેલ નથી.હાલમાં મારૂ મીટર બદલાવેલ છે. તેમાં લેબ. મુજબ પેંડીંગ યુનિટ ૧૬૫૯૧ યુનિટ બિલ આપવામાં આવેલ છે બિલ રકમ રૂ.૧૩૮૪૯૨.૪૫ આપવામાં આવેલ છે આટલું બધુ બિલ એકીસાથે ભરપાઈ કરી શકાય તેમ ના હોય તો આપ લેવલે યોગ્ય કરવા આપ સાહેબને વિનંતી મારે એવરેજ ૪૦૦ યુનિટ બિલ આવે છે જે નિયમીત બિલ ભરૂ છું આમ ઉપરોક્ત દરેક

બાબત ધ્યાનમાં રાખી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે આપના ફોરમમાં યોગ્ય ન્યાય મળે તેવી આશા સાથે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહક શ્રી મુંજા હાથીયા ગ્રાહક નં. ૮૫૯૨૭/૦૧૩૮૩/૦ દ્વારા તેઓને માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૦ ના સમય ગાળાનું ૧૭૩૯૧ યુનીટનું બીલ તા. ૦૭.૦૯.૨૦૨૦ ના રોજ રૂ. ૧,૩૮,૪૯૨=૪૫ આપવામાં આવેલ છે તે બાબતે ગ્રાહકને અસંતોષ થતા તેઓ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ ખાતે ફરિયાદ કરેલ છે.ગ્રાહકની રજૂઆત મુજબ તેઓનું રેગ્યુલર વીજ વપરાશનું બીલ ૪૦૦ યુનીટનું આવે છે અને તેઓ વીજ બીલ રેગ્યુલર રીતે ભરપાઈ કરે છે. આટલું બધું બીલ તેઓ એકી સાથે ભરી શકે તેમ ન હોય, અને આ વીજ બીલ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ ગ્રાહક દ્વારા ઉપર મુજબની રજૂઆત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ ને કરેલ છે..

3.૧ તા. ૨૯.૦૪.૨૦૨૦ ના રોજ એજન્સી ના મીટર રીડર દ્વારા ૮૦૦ યુનીટનું ફોલ્ટી મીટર સ્ટેટસ નું બીલ ગ્રાહકને આપતા તા. ૧૧.૦૮.૨૦૨૦ ના રોજ ગ્રાહકની હાજરીમાં **HPL** કંપની નું મીટર નં. ૦૩૦૨૦૭૨૩ ઉતારવામાં આવેલ અને તે વખતે મીટર માં જોવા મળેલ **kwh** ૨૮૩૬૬ પ્રફોર્મા-૧૫ **k**માં નોંધવામાં આવેલા હતા અને સદર વીજ મીટર તા. ૨૮.૦૮.૨૦૨૦ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ચેક કરેલ અને લેબ રીપોર્ટ મુજબ સદર વીજ મીટર ના છુટા ટર્મિનલ / મીટર પેટીના સિલોને ચકાસતા બરાબર જણાય છે. બોડી સિલોને સીલ વાયર થી કાપીને દુર કરી ચકાસતા બરાબર જણાય છે. ટેસ્ટ બેચ પર ચડાવી ડીસપ્લે પેરા / એક્યુ ચેક ટેસ્ટ લેતા નોર્મલ છે. રીડીંગ ઉપર મુજબ ૨૮૩૬૬ **kwh** જોવા મળેલ છે. **MRI Data** ડાઉનલોડ કરેલ છે અને કોપી સાથે જોડેલ છે.

3.૨ આમ ગ્રાહક ને ૦૭.૦૯.૨૦૨૦ ના રોજ જે યુનિટ મુજબ બીલ આપવામાં આવેલ છે તે રીડીંગ, પ્રફોર્મા નં. ૧૫ માં જે **kwh** નોંધવામાં આવેલ છે તેની સાથે સુસંગત માલુમ પડેલ છે અને સદર વીજ મીટરની **accuracy** પણ બરાબર માલુમ પડેલ છે અને સદર મીટર નો **MRI test** પણ લેવામાં આવેલ છે તે પણ બરાબર માલુમ પડેલ છે. ટુંકમાં, રીડીંગ મુજબ બીલો બનવા પામેલ ન હોવાના કારણે સદર પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. આમ, મીટર માં જે રીડીંગ નોંધાયેલા છે તે મુજબ તેમજ પ્રફોર્મા નં. ૧૫ માં દર્શાવેલા રીડીંગ પ્રમાણે જ બીલ બનવા પામેલ છે અને કંપનીના નિયમ મુજબ હોય જે બીલ ભરપાઈ કરવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે.

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા ૧૬૫૯૧ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે બિલિંગ વાઈજ સરેરાશ મુજબ ગણતરી કરી ને અરજદાર શ્રી ને ફરીથી બિલ આપવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯